ફોજદારી કેસ નંબર ૧૯૧૯/૨૦૨૧

ફોજદારી પરચુરણ અરજી નંબર–૧૧૬/૨૦૨૬

---

૧. અરજી વંચાણે લીધી. અરજી સંદર્ભે અરજદાર/ મુળ આરોપીના વિદ્વાન વકીલશ્રી ની રજુઆત સાંભળી. તેમણે અદાલત સમક્ષ એવી રજુઆત કરી છે કે તેઓ નિર્દોષ છે. પોલીસે તેમને કહેવાતા ગુનામા ખોટી રીતે સંડોવી દીધા છે. આરોપી હાલમા જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમાં રાખવામાં આવે તો તેઓ ને હાડમારી થાય તેમ છે. તેમના કુટુંબની અને ધંધાની દેખભાળ રાખવા વાળુ કોઇ નથી. વધુમા તેમણે એવી રજુઆત પણ કરી છે કે આરોપી ક્યાય નાસી ભાગી જાય તેમ નથી. નામદાર કોર્ટ જ્યારે જ્યારે ફરમાન કરે ત્યારે ત્યારે હાજર રહેવા માટે આરોપી બંધાય છે. નામદાર કોર્ટમા સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો આપવા માટે તૈયાર છે. તેથી આરોપીને જામીનમુકત કરવા નમ્ર વિનંતિ છે.

૨. અરજી સંદર્ભે આગળનો કોઇપણ હુકમ કરતા પહેલા વિદ્વાન એ.પી.પી. શ્રી ને રજુઆત કરવાની તક આપી હતી.

વિદ્વાન એ.પી.પી શ્રી એ અદાલત સમક્ષ એવી રજુઆત કરી છે કે આ કામે રેકર્ડ પરની આરોપીની વર્તણુક ધ્યાને લઇ ન્યાયના હિતમા યોગ્ય હુકમ કરવા નમ્ર અરજ છે.

૩. અરજી સંદર્ભે કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. અદાલતે જામીનઅરજી પરનો નિર્ણય કરતી વખતે (૧) ગુનાની ગંભીરતા (૨) થઇ શકતી સજાનુ પ્રમાણ (૩) ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરીની સંભાવના (૪) પુરાવાઓનો નાશ થવાની સંભાવતા અને (૫)ફરી વખત ગુનો થવાની સંભાવના વિગેરે મુદ્દાઓને ધ્યાને લેવા જોઇએ.

૪. અરજી સંદર્ભે અરજદાર/આરોપી ના વિદ્વાન વકીલશ્રી, વિદ્વાન એ.પી.પી શ્રી ની રજુઆત અને રજુ

થયેલા પોલીસ પેપર્સ ને ઉપરોક્ત મુદ્દાઓ સાથે ધ્યાને ન્યાયિક વિચારણા કરીએ તો

1 . ગુનાની ગંભીરતા : –

અરજી સંદર્ભે કેસનુ રેકર્ડ જોતા આ કેસના આરોપી વિરુદ્ધ ચલાલા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નંબર પાર્ટ ૧૧૧૯૩૦૧૮૨૧૦૫૪૦/૨૦૨૧, ૧૩/૦૬/૨૦૨૧ થી ઇ.પી.કો કલમ–૩૮૦,૪૫૭,૧૧૪ મુજબના ગુનાનો આરોપ છે.

એફ.આઇ.આર મુજબ આરોપીએ વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનાનુ કૃત્ય રાત્રીના સમયમાં આચર્યુ છે. તે સંજોગોમાં આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલા ગુના બદલ થઇ શકતી મહત્તમ સજા ૧૪ વર્ષ સુધીની કેદનીકેદની સજા છે.

આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલા ગુનાની તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોવાનુ જણાતા ચાર્જશીટ કરવામાં આવ્યુ છે. તેથી આરોપી વિરુદ્ધનો આક્ષેપિત ગુનો પ્રથમદર્શનીય કેસ કરતા વધુ છે.

2 . આરોપીનુ વર્તન: –

આરોપી ની અટકાયત થયા પછી અત્રેની અદાલત સમક્ષ રજુ કર્યા હતા. ત્યારબાદ આરોપી એ અદાલત સમક્ષ જામીન અરજી રજુ કરી હતી. તે અરજી સંદર્ભે અદાલતે તારીખ ૧૭/૦૬/૨૦૨૧ ના રોજ વિગતવારનો હુકમ કરીને તે અરજી નામંજુર કરી હતી.

અદાલતે, આરોપીની જામીન અરજી નામંજુર કરતા આરોપી એ તે હુકમથી નારાજ થઇને નામદાર સેશન્સ અદાલતમાં ફોજદારી પરચુરણ અરજી નંબર–૮૩/૨૦૨૧ દાખલ કરી હતી. તે અરજી અદાલતે

મંજુર કરી હતી અને આરોપી ને તે હુકમ મા ફરમાવ્યા મુજબની શરતોનુ પાલન કરવાની શરતે રૂપિયા ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યે થી જામીનમુકત કરવાનો હુકમ કર્યો હતો. આ હુકમની શરત નંબર–૨ મુજબ "**અરજદાર/આરોપીઓ જામીન ઉપર મુકત થયેથી પોતાના રહેઠાણનુ સરનામુ અને કાયમી રહેઠાણ નુ સરનામુ આધારભુત પુરાવા સાથે રજુ કરવાનુ રહેશે. અરજદાર/આરોપીઓ પોતાના મોબાઇલ નંબર સંબંધિત કોર્ટમા રજુ કરવા. જો રહેઠાણના સરનામામાં, મોબાઇલ નંબરમા ફેરફાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેની જાણ ફેરફાર કર્યાના ૭ (સાત) દિવસમા સંબંધિત કોર્ટમા લેખિતમાં કરવાની રહેશે.**"

આ હુકમ ની શરત નંબર–૫ મુજબ "**અરજદાર/આરોપીઓ સંબંધિત કોર્ટમા ઇન્સાફી કાર્યવાહી માટે નિયમિત હાજર રહેવુ.**" તેવુ ફરમાવ્યુ છે. વધુમા આ હુકમની શરત **નંબર–૨** માં એવુ ફરમાવ્યુ હતુ કે "**અરજદાર/આરોપીઓ જામીન ઉપર મુકત થયેથી પોતાના હાલના રહેઠાણનુ સરનામુ અને કાયમી સરનામુ આધારભુત પુરાવા સાથે રજુ કરવાનુ રહેશે. અરજદાર/આરોપીઓ પોતાના મોબાઇલ નંબર સંબંધિત કોર્ટમા રજુ કરવા જો રહેઠાણના સરનામા મોબાઇલ નંબરના ફેરફાર કરવાનો પ્રસંગ ઉભો થાય તો તેની જાણ ફેરફાર કર્યાના ૭ (સાત) દિવસમા સંબંધિત કોર્ટમા લેખિતમા કરવી.**"

નામદાર સેશન્સ અદાલતનો હુકમ હોવા છતા તેમજ આરોપીએ અદાલત સમક્ષ નિયમિત હાજર રહેવાની બાહેધરી આપી હોવા છતા અદાલત સમક્ષ હાજર રહેતા ન હોવાથી અદાલતે આરોપી વિરુદ્ધ સમન્સ ઇસ્યુ કર્યુ હતો. તે સમન્સ આરોપીઓ મળી આવતા ન હોવાના શેરા સાથે પરત આવ્યા હતા. તે સમન્સ ની સાથે નાનજીભાઇ મનજીભાઇ સાપરીયાનુ નિવેદન સામેલ છે. તે નિવેદન મુજબ આરોપી ચલાલા રેલ્વે ફાટક પાસે રહેતા હતા જે છેલ્લા ત્રણેક માસ થી બધા જ સભ્યો ધંધા મજુરી અર્થે જતા રહેલ છે. આમ આરોપીઓ એ તેમનુ સરનામુ બદલી નાખ્યુ છે જેની જાણ અદાલતને કરી નથી. આ અદાલતે આરોપીના જામીનદાર ને નોટીસ કરી હતી તે નોટીસ પણ જામીનદાર કોઇ ને કીધા વગર મહિના પહેલા જતા રહેલ હોવાના શેરા સાથે પરત આવી હતી. આ અદાલતે આરોપી વિરુદ્ધ ત્યારબાદ પણ મુદ્દત

તારીખ ૧૨/૦૮/૨૦૨૨ ના રોજ નો સમન્સ કર્યો હતો તે પણ વગર બજ્યે પરત આવ્યો હતો. ત્યારબાદ પણ આ અદાલતે જે વગર્ત બજ્યે પરત આવ્યા હતા. રેકર્ડ જોતા આરોપી વિરુદ્ધ સમન્સ ની બજવણી વગર બજ્યે પરત આવ્યા છે. આરોપીના વિદ્વાન વકીલશ્રી એ તે મતલબનો ઈન્કાર કર્યો નથી. આમ આરોપીએ, નામદાર સેશન્સ કોર્ટ એ ફરમાવેલી શરત નંબર–૨ નો ભંગ કર્યો છે. વધુમાં આરોપી એ નિયમિત હાજર ન રહીને નામદાર સેશન્સ કોર્ટ એ ફરમાવેલી શરત નંબર–૬ નો પણ ભંગ કર્યો છે.

**3 . આરોપીને જામીનમુકત કરવાની આ અદાલતની સત્તા: –**

આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો ભારતીય ફોજદારી ધારા–૧૮૬૦ ની કલમ ૩૮૦, ૪૫૭ અને ૧૧૪ મુજબનો ગુનો છે. ઉપર ચર્ચા કરી તે મુજબ આ કેસના સંજોગોમા આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલા ગુના બદલ થઇ શકતી મહત્તમ સજા ૧૪ વર્ષ સુધીની કેદની સજા છે. તેથી આ અદાલત આરોપીઓને જામીનમુકત કરવાની સત્તા ધરાવે છે.

**4 . ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી : –**

આ કામે ઉપર ચર્ચા કરી તે મુજબ આ કેસના સંજોગોમાં અને આરોપીના વર્તન ને ધ્યાને લેતા આરોપી ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેશે તેમ માનવાને કોઇ જ કારણ નથી. આ અગાઉના પણ આ કેસમા આરોપી અમિતભાઇ વિજયભાઇ સોલંકીની અટકાયત થઇ હતી ત્યારબાદ પણ હાલના આરોપીઓ અદાલત સમક્ષ હાજર રહ્યા નથી

**5 . પુરાવાનો નાશ થવાની: –**

આ કેસમા ચાર્જશીટ થઇ ગઇ છે. આ કામે મુદ્દામાલ જપ્ત થઇ ગયો છે અને ટ્રાયલ શરુ થઇ ગઇ હોવાથી પુરાવા રેકર્ડ કરવાનુ સ્ટેજ ચાલુ છે. તેથી આ કેસના સંજોગોમા પુરાવાઓ નો નાશ કરવો

આરોપીઓના કન્ટ્રોલ મા હોય તેવુ પ્રથમદર્શનીય રીતે જણાતુ નથી. આ તબક્કે આરોપીને જામીનમુકત કરવાથી  પુરાવાનો થાય તેવુ પ્રથમ દર્શનીય રીતે જણાતુ નથી પરંતુ સાથે સાથે ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી સિક્યોર કરવી પણ જરૂરી છે.

**6 . ફરી ગુનો થવાની સંભાવના: –**

**આ કામે ઉપર ચર્ચા કરી તે મુજબ** આરોપી વિરુદ્ધ અન્ય ગુના હોવાનુ રેકર્ડ પર નથી. વધુમાં આ કેસમા ઘણા જ સાક્ષીઓના પુરાવા નોંધાય ગયા હોવાથી આરોપી ને બચાવની પુરતી તક મળી રહે તે માટે જામીનમુકત કરવા ન્યાયોચિત હોવાથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

– અરજદાર/આરોપીની હાલની જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

– આરોપી અગાઉ નિયમિત હાજર રહેવાની બાહેધરી આપી હોવા છતા તેનો ભંગ કરી ને અદાલતમા ગેરહાજર રહેવાની કસુર કરી હોવાથી તે કસુર બદલ રૂપિયા ૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) દંડ પેટે ભર્યેથી તેમજ આરોપી એ રૂપિયા ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નો એક એવા બે સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીનમુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

શરતો: –

- અરજદાર/આરોપી એ કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવાનુ રહેશે.

- અરજદાર/આરોપી એ તેમનુ હાલનુ અને કાયમી સરનામુ મોબાઇલ નંબર તેમજ આધાર પુરાવા સાથે સોગંદ પર જાહેર કરવુ. અદાલતની પુર્વપરવાનગી વિના તેમા ફેરફાર કરવો નહી.

- અરજદાર/આરોપી અને જામીનદારો એ હુકમમા જણાવ્યા મુજબ રકમ ની જપ્ત કરી શકાય તેવી પોતાની તમામ સ્થાવર અને જંગમ મિલકત **દિન–૧૫** માં સોગંદ પર જાહેર કરવી.

- અરજદાર/આરોપી અને જામીનદારો એ અદાલત સમક્ષ જાહેર કરેલી સ્થાવર મિલકત તેમજ જંગમ મિલકત ખરેખર ધરાવે છે તેનુ વેરીફીકેશન સંબંધિત સક્ષમ સત્તાધિકારી પાસે કરાવી ને તે સક્ષમ સત્તાધિકારી અર્થાત જો ગામ હોય તો ગામના તલાટી કમ મંત્રી અને જો નગરપાલિકામા સમાવિષ્ટ વિસ્તાર હોય તો તે નગરપાલિકાના ચીફ ઓફીસર પાસેથી મેળવીને અત્રેની અદાલત સમક્ષ **દિન–૧૫** માં રજુ કરવાનુ રહેશે.

- અરજદાર/આરોપી અને જામીનદારો એ અદાલત સમક્ષ જાહેર કરેલા સરનામે ખરેખર રહે છે તે અંગે સંબંધિત પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી નિયુકત કરે તેવા પોલીસ અધિકારીને ખાતરી કરાવી તે અંગેનુ પ્રમાણપત્ર સંબંધિત પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી પાસેથી મેળવીને **દિન–૧૫** મા રજુ કરવુ

- અરજદાર અને જામીનદારો એ અદાલતની પરવાનગી વિના, અદાલત સમક્ષ જાહેર કરેલી મિલકતમાં કોઇપણ જાતનો ફેરફાર કરવો નહી કે કોઇપણ રીતે તેનો નિકાલ કરવો નહી.

- જો કોઈ જામીનદાર એક કરતા વધુ અરજદારના જામીન થાય તો આવા જામીનદારે સદ્ધરતા અંગેનુ પ્રમાણપત્ર **દિન–૧૫** મા સંબંધિત અધિકારી પાસેથી મેળવીને અત્રેની અદાલતમા રજુ કરવાનુ રહેશે.

- **આરોપીએ ફરીથી કોઇપણ પ્રકારની ગુનાહિત પ્રવૃતિ મા સામેલ થવુ નહી.**

– ઉપરોક્ત પૈકી એકપણ શરતનો ભંગ થયેથી આરોપીએ આપેલા જામીન આપોઆપ રદ્દ થયેલા ગણાશે. આ હુકમ આજરોજ તારીખ ૦૬/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(એચ જે ઝાલા)
બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ધારી
જજ કોડ– જીજે–૦૧૩૬૯

તારીખ: – ૦૬/૦૭/૨૦૨૬

સ્થળ:– ધારી